# મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરા દ્વારા ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી અંતર્ગત પીપલીયા ગામમાં ખેડૂત શિબિર યોજાઇ

પંચમહાલ જિલ્લાનો મુખ્ય પાક એવા મકાઇ પાકના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરા દ્વારા તાજેતરમાં ગોધરા તાલુકાના પીપલીયા ગામે ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી યોજના હેઠળ તા.૦૩/૧૦/૧૭ના રોજ તાલીમ શિબિર યોજાઇ હતી.

ખેડૂતોને મકાઇની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા એ ખૂબ જ અગત્યનું હોઇ આ અંગેની તાલીમ આપવા માટે ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી યોજનાના ભાગરૂપે ગોધરા તાલુકાના પીપલીયા ગામે આયોજીત તાલીમમાં આદિવાસી વિસ્તારના અંદાજીત ૧૦૪ ખેડૂત ભાઇ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ડૉ.રઘુનંદન સ્વર્ણકાર , પ્રાધ્યાપક અને વડા ,ફાર્મ મશીનરી વિભાગ , કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી કોલેજ , આ.યુ.કૃ. ગોધરા એ મકાઇમાં યાંત્રીકરણ વિષે માહિતી આપી હતી. ડૉ .એમ.બી.પટેલ, યુનિટ હેડ અને સહ સંશોધન વૈજ્ઞાનિક , મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, આ.યુ.કૃ.,ગોધરા એ મકાઇની સંકલિત અને સંકર જાતો વિષે માહિતી આપી હતી.

પ્રો. કે.એચ.પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકએ મકાઇમાં ખાતર વ્યવસ્થા તથા નિંદામણ નિયંત્રણ અંગેની પધ્ધતિઓ ઉપર વિશેષ માર્ગદર્શન આપેલ હતુ તથા મકાઇના પાકની વાવણી સાંકળા ગાળે ના કરતા બે ફુટના ગાળે કરવા ભાર મુકેલ હતો તથા વરસાદી પાણીની બચત તથા ઉનાળામાં ઉંડીખેડ કરવા ઉપર અનુરોધ કરેલ હતો.

ડૉ. ભરતભાઇ ઠક્કરએ પ્રથમ હરોળના નિદર્શનના હેતુ , પાયની બાબતો , અમલ તથા તેના ફાયદા, ધ્યાનમાં રાખવાની બાબતો અને મકાઇની તાંત્રિકતાઓ અંગેની માહિતી આપી હતી અને ખેડુતોના પ્રશ્નોનુ નિવારણ કરેલ હતુ. પ્રો .ડી.એમ.રાઠોડ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ), મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર , આ.યુ.કૃ., ગોધરાએ મકાઇમાં જૈવિક ખાતરથી થતા ફાયદા વિષે માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરાના ડૉ. ભરતભાઇ ઠક્કરએ કરેલ હતું

